જૈન મંગળ ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો.

તરેહવાર રાગ રાગણીમાં

દોહરો.

જ્યું અંકૂરે મહીભરી, જળ બિન નહિ પ્રગટાય;
ત્યું ઉત્કર્ષ ગુણ અંકુર સબે, પ્રવચનબિન ઉગ જાય.

પ્રસિદ્ધ કરનાર

જૈન મંગળ જ્ઞાન મંડળી.

સંવત ૧૯૪૫-સને ૧૮૮૯.

મુંબઈ.

ધી એંગ્લો ગુજરાત ઍન્ડ વર્નાક્યુલર પ્રેસમાં છાપ્યું છે.

કિંમત ચાર આના.



અચલ ગચ્છપતી શ્રી વિવેકસાગરસૂરીશ્વર.

ગેલાભાઇ લીલાધર તરફથી ભેટ.

સુચના.

આ પુસ્તકના નવીન સ્તવનોને માટે સેઠ હીરજી હંસરાજનો તથા બીજા ગ્રહસ્થોનો આભાર માનીએ છીએ. એ પુસ્તકને મથાડે શ્રી અચળગચ્છાધિપતિ શ્રી વિવેકસાગરસૂરીશ્વરની તસવીરને માટે સેઠ ગેલાભાઈ લીલાધરનો ઉપકાર માની એ છીએ. પ્રુફ-શીટ તપાસવાના કામમાં સેઠ હીરજી હંસરાજે મદદ કીધી છે. તોપણ નજર દોષથી ભૂલ ચૂક રહી ગઈ હોય તો સુજન બંધુઓ માફ કરશો.

જૈન મંગળ જ્ઞાન મંડળી.

સાં-ડુંગરસી ભીમજી.

ઓનરરી સેક્રેટરી.

૪૦૪૭

જૈન મંગળ સ્તવનાવલી

અથ જિનદાસ કૃત.

જૈન મંગળ ગાયન મંડળીના સ્તવનો

પ્રથમ મંગળા ચરણ રાગ કલ્યાણ.

જૈન મંગળ જગ, શિવ સુખ કંદા ॥
શિવ શુખ કંદા વલી જિન ગુણ વૃંદા ॥
ધ્યાતા ત્રુટે હોભવી, દુઃખ ફંદા ॥ જૈન ॥ ૧ ॥
અનંત મંગળ ધન, અનંત જિણંદા ॥
અનંત અનંત (વલી), જ્ઞાન વૃંદા ॥જૈન॥૨॥
કહે જિન દાશ પ્રભુ, તુંહી જગઆંદા, હો ॥
મહશેન રાય (વલી) કુલચંદા ॥ જૈન ॥ ૩ ॥

રાગ કલ્યાણ.

મંગળ પૂંઞ પ્રભુ, અનંત જિણંદા ॥
અનંત જિણંદા પ્રભુ, અભય અખંદા ॥
રત્ન ત્રયે હો હારે, ગુન ચંદા ॥ મંગળ ॥ ૧ ॥
હો એવં ભૂત ગુણે, સોભે જિણંદા ॥
સેવે ચૌસઠ, હારે, સુર ઇંદા ॥ મંગળ ॥ ૨ ॥
કહે કર જોડી જિન, દાશ દિણંદા હો
જયુતિમર હરન, હારે મુની ચંદા ॥ મંગળ ॥૩॥

ઠુમરી;

ઠુમસે છલ બલ કર સંચાંસો તન ધર ગયે ગયેરે ॥એરાગ॥
અનંત જિણંદ પય પરનનસે; મંગળ પદ લયે રેલયે ॥
અનંત મંગળ ગુણ ધામહે, અનંત મંગળ આરામરે॥
અનંત મંગળ આલય જિન તુંહી; મંગળ ગુણ ગ્રહે
ગ્રહેરે ॥ અનંત ॥
મંગળ સબ જગ ધ્યાતહે; મંગળ રૂપ ન પાયેરે ॥
મંગળ જિન બિન કૌન બતાવે; જો શિવ ધર અએ અ
એરે ॥ અનંત ॥
ગ્રાયક ગુણ ગ્રાહીલહે; જિનદાશ મનધારરે ॥
જૈન મંગળ મંડલી ગુણ ગ્રાહી; ઉમંગ મન ભયે ભયેરે
॥ અનંત ॥

એજ રાગની ઠુમરી.

અનંત ચરણ શરણ હમ પાયે; અભય હમ ભયે ભયેરે
વજ્ર મય હમ આલયહે; અક્ષય અસી હમ હાથરે ॥
શંયમ અગ્ની કોટ કર લીનો; મોહ દુરધયે ધયેરે ॥અ૦॥૧
કૌન આવે અષ્ટા પદ આગે; કેશરી દુર રહાયેરે ॥
અગ્ની ભક્ષ કરવા કૌન ચાહે; નાગશિરે રયે રયેરે ॥અ૦॥
ધન ધન ભાગ મંગળ મંડલીકો; અનંત દરશ જેણે
પાયેરે ॥
કહે જિનદાશ ધન્ય હમ જિભ્યા; જિન ગુન ગયે ગયેરે
॥ અનંત ॥

ઠુમરી.

બતાદે સખી કૌન ગલી ગયો શામ ॥ એરાગ ॥
શિવ પદકો દાતાર, બતાદે સખી ॥ એટેક ॥
કાળ અનંત નિગોદે ગમાયો; અકામે પાયો વિવહાર
॥ બતા ॥
અશિવ દાતા બૌત મિલ્યા મોહે; તાથે ભમ્યો હું સંસાર
॥ બતા ॥
કહે જિનદાશ અનંત જિન આગે; માગું મંગળ પદ
સાર ॥ બતા ॥

એજ રાગની ઠુમરી.

જિન ગુણ કયું પ્રગટાયે બતાદે સખી ॥ એટેક ॥
જિન ગુણ ધ્યાતા જિન ગુણ પ્રગટે ॥
જ્યું ઇરી ભૃગ પદ પાયે ॥ બતાદે જિન ॥ ૧ ॥
સ્વગુણ ઇંછક પર ગુણ ત્યાગે ॥
ચોતમે ચોત મિલાય ॥ બતાદે જિન ॥ ૨ ॥
મંગળ મંડલી અનંત શરણ લેહી ॥
જિનં દાશ ગુણ ગાય ॥ બતાદે જિન ॥ ૩ ॥

વિનંતી ધરજો ધ્યાન જન સહુ ॥ એરાગ ॥

વિનંતી ધરજો ધ્યાન જગ જિન ॥ એટેક ॥
મોહ રાય મોહે ઘેર લીયોહે; કયું પામું શિવ ઉધ્યાન
॥ જગજિન ॥ ૧ ॥

વિષ અમૃત પણે બતલાવે; દુઃખ દાતાર નિધાન ॥જ૦॥
અનંત નાથ પ્રભુ મંગળ કીજે; જિનદાશ ગુણ ગ્યાન ॥
જગજિન ॥ ૨

ગઝલ

જિન નામકું સમરલે એરાગ ॥

જિન ધ્યાને ધેય પદ લહે; જો સદા સાવધાન હે ॥
તસ ગ્યાન ધ્યાન ભાનુસે; અધિક તેજવાન હે ॥ જિન॥૧॥
ધેય અનેક લોકીક; તસ ધ્યાન દુઃખ ઠામ હે ॥
ધન લોકો ત્તર પ્રભુ; જસ ધ્યાન સુખ ધામ હે ॥ જિન ॥ ૨ ॥
અનંતા અનંત ગુણી જિન; શિવ સુખ અભીરામ હે ॥
જૈન મંગળ મંડલી, જિનદાસ ગુણ ગ્રામી હે ॥ જિન ॥ ૩॥

એજ રાગની ગઝલ

નિજ આતમ રૂપે લહલહે; જસ આતમ જ્ઞાન ભાન હે ॥
કૌન સજન કૌન દુરજન; તાકીજો પીછાન હે ॥ નીજ ॥૧॥
કૌન ધેય કૌન ધ્યાતા; કૌન ઉત્તમ ધ્યાન હે ॥
કૌન કુગુરૂ કૌન સુગુરૂ; કૌન આતમ જ્ઞાન હે ॥નીજ॥૨॥
કૌન હુયે કૌન જ્ઞય; કૌન ઉપાધાન હે ॥
જિનદાશ એસો જાણે તાકું; સુધ આતમ જ્ઞાન હે ॥નીજ॥૩

ઠુમરી.

કર્મ મેલ ક્યૂં જાય સચ ગુરુ; કર્મ ॥ એટેક ॥
આપ સમો ક્યૂં નિરમલ હોવું દેજો સોહી બતાય રે
॥ કર્મ ॥ ૧ ॥

કહત કૃપા નિધી સુનતું પ્યારે; કર્મ મેલયું જાયરે ॥
હું મારૂં એ દોય ત્યાગકે; જિન ચરણે ચિત્ત લાયરે
॥ કર્મ ॥ ૨ ॥

મન પંકજકે મૌલ માંહે; ક્ષમાકું બેઠાયરે ॥
દયા સમતા સરોવર માયે; જે નર નીત પ્રતે નાયરે
॥ કર્મ ॥ ૩ ॥

જૈન મંગળ મંડલી સુભધ્યાને; અનંતનાથ ગુન ગાયરે ॥
કહે જિનદાસ નિરમલ હોનેકો; એહી સરશ ઉપાયરે
॥ કર્મ ॥ ૪ ॥

ઠુમરી

અધ બાદલકી ઘટામે ચેતન; કુગુરૂ સંગે વિટાયોરે ॥ટેકા
કેશરી સુત જયું રહત છાગસંગ, આપ સ્વરૂપ ન જાન્યોરે
ત્યૂં તુરહંત અનાદિ કુગુરૂ સંગ; અજહું અંત નઆયો
રે ॥ અધ ॥

હીરો અમુલ્ય અઘડ કુધાટે; બેચતા મુળ ન પાયોરે ॥
જબ જવેરી ઘડારી મઢાર્યો; તબ અમુલ્ય કહાયોરે ॥
અધ ॥

ઘોર ઘટા નભ બાદલ છાયો; જ્યૂં જગ ચક્ષુ છીપાયોરે॥
ત્યૂં તું અસુભ કર્મસે ચેતન; તેજ હીણ રહ હાયોરે ॥અધ॥
શ્રી જિન અનંતનાથ પદ ધ્યાતા; જૈન મંગળ મન ભાયોરે
કહે જિનદાશ સેવો ભવી ભાવે; યા અવસર અબ પાયોરે
॥ અધ ॥

ગફલતમેં સારી ઊમર ગઇ (એ રાગ) ॥ ઠુમરી ॥

ભૃમભ્રાંતે સારી જિદંગી ગઇ; ભૃમ ॥ એ ટેક ॥
એતા દિન દીલમેં નહીં જાન્યું; કુગુરૂ વચને ભ્રાંતી રહી
॥ ભૃમ ॥
અજ ધરકું અધહર કરી જાન્યો; યા ભ્રાંતે બાજી બી
ગર ગઈ ॥ ભૃમ॥
શિર ઔષધમેં નહેનપો લગાયો; તાથે તિમર ભ્રાંતી ન
ગહી ॥ ભૃમ॥
આજ અનંત જિન મુંદ્રા દેખત; મંગળ મંડલી આનં
દ ભહી ॥ભૃમ ॥
કહે જિનદાશ સુનો ભવી પ્યારે; જિનદરશે આશ શફળ
ભહી ॥ ભૃમ ॥

રાગ સોરઠા.

મને પ્યારો લાગેછેજી પ્રભુદીદાર, પ્રભુ; મને ॥ ટેક ॥
શાંતિ કાંતી જશ રૂપ અનોપમ; કરત જગત ઉપગાર ॥
મને ॥ ૧ ॥
હું તો પ્રભુ પ્રભુ પ્રભુ કરતફિરૂં; પ્રભુ પૌચેલોકપાર॥મને॥૨॥
સાત રાજ ઊંચા જઇ બેઠા; કિમ પામું દીદાર ॥મને॥૩॥
અનંતનાથ અનંત ગુન આહી; નમીએ વાર હજાર ॥
મને ॥ ૪ ॥
જૈન મંગલ મંડલી ગુન ગાવે; કરે જિનદાશ જુહાર ॥
મને ॥ ૫ ॥

રાગ સોરઠ.

પાનીમેં મીન પ્યાસી (એ ચાલમાં) ॥

ગ્યાનીકો ચિત્ત ઊદાસી; જશુ જ્ઞાન કળા ઘટ ભાસીહો ॥
એ ટેક ॥

દુઃખકો મૂલ વિષય સુખતાકું; કૌન કહે સુખ વાસીહો
ગ્યાની ॥ ૧ ॥

વિષય કારણ પ્રીયા પરાણે; પ્રીયાસે કુટંબ પેદાશાહો ॥
ગ્યાની ॥ ૨ ।;

કુટંબ પોષણ કારણ ભટકે; કરવા પૈસો પેદાસીહો ॥ ॥
ગ્યાની ॥ ૩ ॥

કહે જિનદાસ જૈન મંગળમન; ધ્યાતા હોવે શિવવાસીહો ॥
ગ્યાની ॥ ૪ ॥

એજ રાગમાં.

કરી રાણીકું તે દાસી; દાસી રાણી કરી ખાસીહો ॥ટેક॥

સ્વપર ગુન વિચાર તું પ્યારે; કૌનરાણી કૌન દાસીહો ॥
કરી ॥

દાસી સુત બલે પાવે નમુરખ; શિવ રાજય અવિનાશીહો ।
કરી ॥

જૈન મંગળ વિનય રસ ચાખો; કહે જિનદાસ વિમા
સોહો ॥ કરી ॥

મેરે ગમકા તરાના, સુનીયે ફીસાના એ રાગમાં.

મેરે મનકા મનાના, સુનીયે બેભાના; હોજી જ્ઞાનજ્ઞાન ॥
એહીજ દાના, સો સજન પુરાના ॥ મેરે ॥ ટેક ॥

પ્રભુ મંગળ ધન નાથકા; માનો વચન સુજાન ॥
ભમ્યો તું કાળ અનાદિસે; કયૂં નઆઇ તુજસાન ॥
મદ મસ્ત ઈભ પરે; મોહ છાકેછક જાના ॥ સુની ॥૧॥
ઢોર હરાયાનીપરે; ભટકયો સ્થાના સ્થાન ॥
જિન બિન કૌન બતાવશે; શિવવર સુખનિધાન ॥
કહે મંગળ મંડલી; સબ જિન ઘર આના ॥સુની ॥૨॥

॥ દાદરો ॥ રાગ કલીંગડો.

કીને દેખ્યા પ્રભુ શિવ ગામીરે; શિવ ગામી અભીરા મીરે ॥ કીને ॥
ઢુંઢત ઢુંઢત ભયો હેરાની; તો નમિલ્યા વિસરામીરે ॥ કીને ॥ ૧ ॥
મેંતો સુન્યા પ્રભુ ભયે અરૂપી; અક્ષય શિવ પદ પામીરે ॥ કીને ॥ ૨ ॥
તજી વિભાવ સ્વભાવ લયો પ્રભુ; આતમ ગુણ અભીરા મીરે ॥ કીને ॥
જૈન મંગળ મંડલી તુમ સરણે; જિનદાસ ગુણગ્રામીરે ॥ કીને ॥ ૪ ॥

રાગ વસંત.

જિણંદા તુંહી મુખ્ય મંગળ પ્રભુ; મંગળ પુંજ મુણંદ. ॥ એટેક ॥
અનંતાઅનંત મંગળ ધન તુંહી; અનંતનાથ તુંહી જિણંદ ॥

જૈન મંગળ ગાયન મંડલીપે; કેર કરૂણા શિવ કંદ ॥
જિણંદા ॥ ૧ ॥
મંગળ કરણો અમંગળ હરણો, તિમર હરણ જ્યું દિણંદ ॥
હંસ ફરસે પય જળ જ્યું ન્યારો; ત્યું મંગળા મંગળણંદ
॥ જિણંદા ॥ ૨ ॥
મંગળ ગાતા મંગળ નિપજે, હોવે મંગળાનંદ ॥
કહે જિનદાસ મંગળ મંડલીપે; અનુકુળ મહશેન નંદ
॥ જિણંદા ॥ ૩ ॥

રાગ વસંત.

જિણંદા તુજ પ્રવચન સાધર મંગળ રૂપી ગુણંદ ॥એટેક॥
જેસે મૈહી શબ રશસે ભરીહે; ઔર ઠૌર નલ હંદ ॥
તેસે ભયોં શિવ રશે પ્રવચન પ્રભુ , ગ્રાયક ગુણ સુખકંદ.
॥ જિણંદા ॥ ૧ ॥
જલ કાંઠે બાંધ્યો પ્યાસે મરેજ્યું ; કરે આલાપ આક્રંદ ॥
ત્યું ગ્રાયક ગુન બિન તું ચેતન; પાવે નશિવ રશકંદ.
॥ જિણંદા ॥ ૨ ॥
કહે જિનદાશ સેવો ભવી ભાવે; અનંતનાથ જિન ચંદ ॥
જૈન મંગળ ગાયન મંડલીપે ॥ કર અનુગ્રહ શિવ કંદ
॥ જિણંદા ॥ ૩ ॥

હારે હરખ્યો મન મેરે મુરારી ॥ એરાગમાં ॥

આનંદ ભયો મન ભારી; વંદતા જયકારી ॥ ટેક. ॥
આજ અનોપમ સુંદ્રા દેખત અનંતનાથ મનો હારી. ॥

મંગળ રૂપી સ્તવના કરનકી, ઈચ્છા ભઈ મન પ્યારી. ।।
જાથે લેહું ભવ દુઃખ પારી; ।। આનંદ ।। ૧ ।।
કાળ અનાદીસે ભટકી રહ્યોહું; જન્મ મરણ દુઃખભારી. ।।
ભવ દુઃખ ભ્રાંત મટી નહીં જિન બિન; અબ કુગુરુ સંગવારી. ।।
ધ્યાવું સુગુરુ સુખ કારી; આનંદ ।। ૨ ।।
કહે જિન દાસ આનંદ ભયો હું; દેખી દરશન સુખકારી;।।
જૈનમંગળ ગાયન મંડલી તુમ; સરણ આઈ દુઃખ વારી. ।।
દીજે સુખ અનંત અપારી; ।। આનંદ ।। ૩ ।।

વસંત કાફી

મોકું જૈન મંગળ મન ભાયો; જાથે બીજ સમકીત પાયો ।। ટેક ।।
સુધિત્રણ ત્રણ લિંગ કહીજે લક્ષણ પાંચ લહાયો ।।
પાંચ દુષણ પાંચ ભુષણ કહીયે; અષ્ટપ્રભાવ ગહાયો ।। જાથે ।। ૧ ।।
આગાર ષટ વલી ચાર શદેણા, ષટ વિધભાવ કહાયો ।।
ષટ જયણા ષટ ઠાણ કહીજે; દશ વિધ વિનયે ઉમાયો ।। જાથે ।। ૨ ।।
જૈન મંગળ મંડલી શિર છાજે; અનંત નાથ મનભાયો ।।
કહે જિનદાસ ધ્યાવો ભવી ભાવે; શિવદાતા જગગાયો ।। જાથે ।। ૩ ।।

વસંત કાફી.

માહાત્મા જૈન મંગળ સમ ઔર ન મંગળ; ગાવે સુર કર જોરી ।। ટેક ।।

મંગળ મંગળ સબ જગ ગાવે; મર્મભર્મે નલયોરી ॥
માહાત્મા ॥ ૧ ॥
અંતર આતમકો ગુન પ્રગટે બિન; લાગે ન લગન ટકોરી ॥
ધેય ગુન જાણે ધ્યાતા ગુણ પ્રગટે; શો પદ પર્મ ગયોરી ॥
માહાત્મા ॥ ૨ ॥
શ્રીજિન અનંત નાથ સુપસાયે; મંગળભેદ લહયોરી ॥
કહે જિનદાસ મંગળ મંડલીશબ; ગાવે મંગળગોરી ॥
માહાત્મા ॥ ૩ ॥

ગઈ કીધર મેરી દીલ જાની નાહી પાયા તોરી નીશાની; રાગ ॥

શ્રી આદી જિનેશ્વર દેવા, હું કરૂં તમારી સેવા ॥ટેક॥

સાખી

નાભીરાયા કુલ ચંદલો; માતા મરૂ દેવી નંદ ॥
જુગળા ધર્મ નીવારીયો, નમો નમો આદી જિણંદ ॥
હું કરૂં તુંમારી સેવા, હું ભવો ભવ માગું એહ ॥શ્રી॥
॥ ૧ ॥
પાંચસેં ધનુષ્યની દેહડી; સોવે કંચન વાન ॥
સુખ દીસે સુખ ઉપજે; દરિશન હોવે આનંદ ॥
મારૂં મન રહયુંછે મોહી; હું પ્રણમું અધિક સ્નેહી
॥ શ્રી ॥ ૨॥
ચોરાસી લક્ષ યોનીમાં; રઝળ્યો અનંતાનંત ॥
સુક્ષમ બાદરહુ લહયો; કાળ અનંતાનંત ॥
દરશન નહીં પામ્યો લેહ; હું પ્રણમું અધિક સ્નેહી ॥શ્રી॥૩

પૂર્વ પુન્ય ઊદય થકી; મલીયા મુજ ભગવાન ॥
ભવ સમુદ્રમા ડૂબતા; તારજો આદી જિણંદ ॥
તુજ સેવકની કરે સાય; હું પ્રણમું આધક સ્નેહી ॥શ્રી॥ ૪
જૈન મંગળ મંડલી; વિનંતી-કરે કર જોડ ॥
સંઘની આશા પૂરજો; ગુણ ગાવે કેશવ લાલ ॥
હું માગું ચરણની સેવા દેજો દેવાધિ દેવા; ॥ શ્રી ॥ ૫ ॥

કાલી ઘટા કોયલ ઝનકારી એ રાગ.

શ્રી અજિતનાથ માહારાજ; હું આવ્યો સરણ તુંમારે ॥
ટેક ॥
મેં શ્રવણ સુણી ગુણ તોરા; હું આવ્યો અધિક સ્નેહ ॥
જિનરાજ કૃપાકરી તાર; હવે ભગવાન અજિત જિનરાજા॥
હું આવ્યો ॥ ૧ ॥
નયરી અયોધ્યા જન્મ; વીજયા માતાનો નંદ ॥
જિતશત્રુ રાયનો પુત્ર; નિરખી સુખદાય વંદુ જિનરાજા॥
હું આવ્યો ॥ ૨ ॥
સાડાચાર ધનુષ્ય પ્રમાણ; દેહી અતી કંચન વાન ॥
બોહોતર પુરવ લખ આય;શિવ સુખદાયઆપમાહારાજા॥
હું આવ્યો ॥ ૩ ॥
જૈન મંગળ ગાયન મંડલી; તુજ વિનંતી કરે-કરજોડી॥
શ્રીસંઘની પુરો આશ; કેશવ તારો દાસ અરજી માહા
રાજ ॥ હું આવ્યો ॥ ૪ ।

છેજન પાલક ટાલક દુઃખનો.
એરાગમાં.

અરી હંત નમો નમો સિધ્ધ નમો;
નમો આચારજ ઊવઝાય નમો;
નમો નમો સર્વ સાધુ નિરંજન;
કેવળી કહે જિન ધર્મ નમો. ॥ અરી ॥ ૧ ॥
બાર દેવ લોકે નવ ગ્રૈવેકે;
પંચ અનુંતર ચૈત્ય નમો;
ભુવન પતી વ્યંતર નંદીશ્વર;
સાસ અશાસ્વંતા ચૈત્તનમો. ॥ અરી ॥ ૨ ॥
સેત્રુંજો અષ્ટાપદ શ્રીગીર નારે;
પાવા ચંપા સમત સિખર નમો;
ચત્રુવિજ્ય શ્રીસંઘ મંગલ ભણુંતા;
ભક્ત કહે નીત નિત નમો. ॥ અરી ॥ ૩ ॥

મંત્રબડો નવકાર; જ્ઞાની મોરા મંત્ર બડો નવકાર ॥

જાશ પસાયે સેઠ સુદર્શન ॥
તરત લહયો ભવ પાર ॥ જ્ઞાની ॥ ૧ ॥
સોઈ સાધ ઓર બડે બેરાગી ॥
સોજાને વાંકો પાર ॥ જ્ઞાની ॥ ૨ ॥
ભાગ્યચંદ કહે સો ગુરૂ મેરા ॥
ઉતારો ભવ પાર ॥ જ્ઞાની ॥ ૩ ॥

કયા કહું અબ બેર બેર વીર હમારા પ્યારા

અટેક ॥

બ્હોત મુદ્દતશે આપ મીલે, મેહેર કરો મેરી તરફ; ॥
અબકે લીયે સીતેરી, બીજ ખુબ હજારા પ્યારા ॥ કયા ॥૧॥
મુસ્તાક તેરે દર્શકે; નીકી ચીશમા કરો;
મયા કરી તારો ખાના, જાત તુમારા પ્યારા ॥ કયા ॥૨॥

॥ નજરા ગયે બાલમ તેરે અંગના ॥

॥ એરાગમાં ॥

ભુલ્યો ભમત કહાવે અજાન ॥
કહાવે અજાન કહાવે અજાન ॥ એટેક ॥
આલ પંપાળ શકળ તજ મુર્ખ ॥
કર અનુભવ રશ પાન ॥ ભુલ્યો ॥૧ ॥
આયેક્રતાંત ગ્રહેગો એકદીન ॥
હરી મૃગ જેમ અચાન ॥ ભુલ્યો ॥ ૨॥
હોયગો તન ધનથી તું ન્યારો ॥
જિમ પાકો તરૂપાન ॥ ભુલ્યો ॥૩॥
માત તાત તરૂણી શુત સેતી ॥
ગરજ નશરત નીદાંન ॥ ભુલ્યો ॥ ૪ ॥
ચીદાનંદ એ બચન હમારા ॥
ધર રાખો પ્યારે કાન ॥ ભુલ્યો ॥૫

તુમ કુમલા જીયરવા ઓ પીતા મોરા; એરાગ

સુનો અરજીઆ મારી ઓ પ્રભુ મોરા ॥
સુનો અરજીઆ મારી ॥
અભી નંદન જિનવર સુખકારી ॥ એટેક ॥
મંદ મતી હું ફંદમાં, ફુલ્યો ॥ ભુલ્યો સેવા તમારી ॥
॥ હોજી ભુલ્યો ॥ સુનો ॥ ૧ ॥
ભવભવ ભટકી સરણુ તુમારે ॥ હવે આવ્યો હું હારી ॥
॥ હોજી હવે ॥ સુનો ॥ ૨ ॥
નિજ સેવક પર કૃપા કરીને ॥ રીઝે દીજે સુધારી ॥
॥ હોજી રીઝે ॥ સુનો૦ ॥ અભી ॥ ૩ ॥
તુમબીન ઓર નજાણું જિણંદા ॥ સાચું માનો હું વારી ॥
॥ હોજી સાચું૦ ॥ સુનો ॥ અભી ॥ ૪ ॥
કહત ટોકરશી અબ મન મેરે ॥ લાગી તો સંગ તાલી ॥
॥ હોજી લાગી ॥ સુનો ॥ અભી૦ ॥ ૫ ॥

ઠુમરી

ગીરનારીકી બતાદે ડુંગલીઆ ॥
નેમ પ્રભુજીને જોગ લીયા.
॥ **એટેક** ॥

છપન કોડ જાદવ મીલ આએ ॥
જુના ગઢકી બાદલીઆ ॥ નેમ ॥ ૧ ॥
સેસા વનકી કુંજ ગલનમે ॥
પંચ મહા વૃત આદરીઆ ॥ નેમ ॥ ૨ ॥

હાથ જોડકે રાજુલ બોલી ॥
ચરણ કમળ ચીત્ત આદરીઆ ॥ નેમ ॥ ૩ ॥

ઠુમરી;

રથ ચડ જદુ નંદન આવતહે ॥
ચાલો શખી સબ દેખનકું ॥ એટેક ॥
તીન છત્ર વારી તીન શિંગાશણ ॥
ચોસઠ ચમર ઢળાવતહે ॥ ચાલો ॥ ૧ ॥
મૌલી મુગટ પિત્તાંમ્બર સોવે ॥
નેમ જિણંદકું ધ્યાવતહે ॥ ચાલો ॥ ૨ ॥
લાલચંદકી એહી અરજહે ॥
સખીઅન મંગળ ગાવતહે ॥ ચાલો ॥ ૩ ॥

કેરબો;

સમજ પરી મોહે સમજ પરી ॥ જગ ॥
માયા અબ જુઠી મોહે શમજ ॥ ટેક ॥
કાલે કાલે તું કયા કરે મુર્ખ ॥
નાહી ભરોશા પળ એકધડી ॥ જગ ॥ ૧ ॥
ગાફીલ છીન ભર નાહીરહો તુમ;
શીરપર ગુમે તેરે કાળ અરી ॥ જગ૦ ॥ ૨ ॥
ચિદાનંદ એબાત હમારી પ્યારે ॥
જાનો ચિત્ત મન માંહે ખરી ॥ જગ ॥

ઠુમરી.

તોરી સામલી સુરતપર વારી જાઊરે

શહેશ ફણા પ્રભુ પાસજી.તારી ॥ ટેક ॥
સફલી આજ ઘડીએ હમેરી ॥
મેંતો દેખ દરિશન હરપાઊરે ॥ શહેશ ॥ ૧ ॥
મુજ મન લાગી લગન એકતો સુ ॥
મેંતો દેવ અવર નહીં ધ્યાઊંરે ॥ શહ ॥ ૨ ॥
વદન કમળ છબી નીરખત સુંદર ॥
મેંતો રોમ રોમ ઊલશા ઊરે ॥ શહ ॥ ૩ ॥
તુમ ગુનકો કછુ પાર નપાવું ॥
મેંતો ઉપમા કયા બતલાઉંરે ॥ શહ ॥ ૪ ॥
કીર્તિસાગર પ્રભુ ભવો ભવ તેરી ॥
મેંતો મોજ મહેર નીત પાવુંરે ॥ શહ ॥ ૫ ॥

ઠુમરી;

રહો રહોરે જાદવરાય દોય ઘડીઆ ॥
દોય ઘડીઆ અબ ચાર ઘડીઆ ॥ ટેક ॥
પ્રેમકા પ્યાલા બ્હોત મછાલા ॥
પીવત મધુરી શેલડીઆરે ॥ રહો ॥ ૧ ॥
હાથકું હાથ મીલાઈ દીયો સાંહી ॥
ફુલડા બીછાઊં સેજડીઆરે ॥ રહો ॥ ૨ ॥
રાજુલ છોડી ચલે ગીરનારે ॥
દીપતા મોહન વેલડીઆરે ॥ રહો ॥ ૩ ॥
રૂપચંદ કહે નાથ નીરંજન ॥
મુક્તિ વધુ ગુણ શેલડીઆરે ॥ રહો ॥ ૪ ॥

ઠુમરી; રાગ ખંમાચ.

પ્રભુજીકા દરિશન પાયો;
આજમેં પ્રભુજીકા દરિશન પાયો ॥ ટેક ॥
વંછીત પુરણ પાસ ચિંત્તામણી ॥
દેખત દુરત ગમાયો ॥ આજ ॥ ૧ ॥
મોહની મુરત મહીમા સાગર; ॥
કિરતીસબ જુગ છાયો ॥ આજ ॥ ૨ ॥
ભાનુચંદ પ્રભુ સકળ સંઘકું ॥
આનંદ અધીક ઉમાયો ॥ આજ ॥ ૩ ॥

॥ વિનંતી ધરજો ધ્યાન એરાગ ॥

વાજીતરંગ બધાઇ નગરમે ॥ ટેક ॥
જયજયકાર ભયો જિન શાસન ॥
વીર જિણંદ કીદાહાઇ ॥ નગરમે ॥ ૧ ॥
સબ સખીઅન મીલ મંગળ ગાવે ॥
મોતીઅન ચોક પુરાઇ ॥ નગરમે ॥ ૨ ॥
કેશર ચંદન ભરી કચોલી ॥
શાહીબ જોતી સવાઈ ॥ નગરમે ॥ ૩ ॥
હરખચંદ પ્રભુ દરિસન દેખત ॥
સેજસુ આવત નેન ભરાઈ ॥ નગરમે ॥ ૪ ॥

ફરશેરે માહારાજ આજ રીદ્ધ પાઇ ॥ ટેક ॥
ભવકો બિધન દુર ભયો ॥ પુર્વ પુઃનઉદેભયો ॥
જિન તમારો દર્શ ભયો ॥ અનંત ધુમ છાઇ ॥ ફર ॥૧॥
પુજત સિવ પાવતહે ॥ આગમ ગુણ ગાવતહે ॥
શ્રોતાકે ઘર જાવતહે ॥ આગમ લેહ લાઇ ॥ ફર ॥ ૨ ॥

મેં મુખ દેખ્યો ગોડી પારશકો ॥

મેરો સફળભયો દીન આજ ॥ આજરે મેં મુખ ॥ટેક॥
અન્ય દેવકું જ્હોત મેં ધ્યાયો ॥
તોએ નશર્યો મેરો કાજ ॥ આજ ॥ ૧ ॥
ભવ ભવ ભટક્ત શરણે હું આવ્યો ॥
અબતો રાખો મોરી લાજ ॥ આજરે ॥ ૨ ॥
કમઠ હરાવન નાગકું તારન ॥
સંભળાવ્યો નવકાર ॥ આજ ॥ ૩ ॥
રૂપચંદ કહે નાથ નિરંજન ॥
તારણ તરણ જહાજ ॥ આજ ॥ ૪ ॥

ફેરબો.

સમત સિખર ચાલો જઇએ મોરી સજની ॥ એટેક ॥
દેશ દેશકે જાત્રા આવે ॥
અતિ સુખ અતી સુખ ચાહીએ મોરી સજની ॥ સ૦॥૧॥
વીસે ટુંકે વીશ જિનેશ્વર ॥
વંદીને પાવન થઈએ મોરી સજની ॥ સમત ॥ ૨ ॥

મન બચકાયા પ્રદક્ષણા દેકર ॥
મુક્તિપદમ પદ પહીએ મોરી સજની ॥ સમત ॥૩॥

ગજલ તાલ દીપચંદી ॥

મુજેહે ચાહ દર્શનકા, નીહારોગે તો ક્યા હોગા ॥ ટેક ॥
સુનો શ્રીનાભકે નંદા, પરમ સુખ દેત જુગ બંદા ॥
મેરી બીન તીહે પાવનકી, બિચારોગે તો ક્યા હોગા ॥
મુજે ॥ ૧ ॥
ફશ્યામે કર્મકે ફંદા, મુજે તુમ બિન છોડાવેગા ॥
તુંહી દાતારહે જગમે, ચીતારોગે તો ક્યા હોગા ॥મુજે॥૨॥
આભવસાગર ઈથાહ મેં, ઝકારે દુઃખકે નિશ દિન ॥
મેરીહે નાવ અત જજરી, ઉતારોગે તો ક્યા હોગા ॥
મુજે ॥૩ ॥
થકયામેં ઢુંઢકે શગરે, નહીં કોઇ તુમ તુલ દેવા ॥
કુમતકે કુપશે અવકે, નીકાલોગે તો કયા હોગા ॥મુજે॥૪॥

ગઝલ.

ગાતીહું ઓર નાચ સદા કામહે મેરા ॥ એરાગ ॥
જિન નામકું સમરલે યા બક્ત પાયાહે ॥
તેરે હાથ નહીં આવે સત ગુરૂ બતાયાહે ॥ ટેક ॥
મેરી મેરી કયા કરે, કછુ તેરા નહીં કોઇ ॥
ઈસ દમકા કયા ભરોસા, કછુ નીકા કરલે ॥ જિન ॥ ૧ ॥
રાવન સરીખા હોગયા, જીનકે ઊડે નીશાન ॥
એક પલમે છીન લીયા, પીછે કયા રહયા ગુમાન ॥જિ૦॥૨॥

માયાકે નીશામે, બે ખબર હોરહ્યા ॥
માયા સંગ ના ચલેગી, કયા નીંદમેં સોયાહે ॥જિનના॥૩॥
કુહેતા હે મગન રૂપદુક, સમજ યાર મન ॥
જિનરાજ નામ સચાહે॥અબ જુઠા હેજતન॥જિનના૦॥૪॥

મેંજાનતીથી પરીઓશે અછા નહીં કોઇ ॥ એરાગ ॥
કર્મોકી ગતી સેંતી દેખો, જોર નહીં કોઈ ॥
સુરનર મુનીવર હાર ગયે, જાને નહીં કોઇ ॥ એટેક ॥
આદીસરને બરસ દીન, આહાર નહીં મીલય ॥
વીર કર્મ દેખી પ્રાણી, બાંધો નહીં કોઈ ॥ કરમો ॥૧ ॥
રાજા હરી ચંદ દેખો, બેચી તારા રાણીં ॥
નીચ ઘર નીર લાવે, જોર નહીં કોઇ ॥ કરમો ॥ ૨ ॥
જીવ કર્મ બસ હોય, સંસાર મે રહી ॥
રંક રાય પલમે દીસે, ધારે નહીં કોઈ ॥ કરમો ॥ ૩ ॥
જિનરાજકી સેવા સેતી, કર્મ સર્વ છુટે ॥
જિનદાસ કહે ઓર, જાનુ નહીં કોઈ ॥ કરમોં ॥ ૪ ॥

ઠુમરી.

મેંતો શાહાજાદેકું ઢુંઢન ચલીઆરે ॥ એ રાગ ॥
મેંતો જોતી ફીરૂં જિન રાયારે ॥ નેમશામ નહી
પાયારે ॥ એ ટેક ॥
એક બન ઢુંઢે દુજે બન ઢુંઢયે ॥
મેંતો ઢુંઢ લીયા બન સારા રે ॥ મેંતો ॥ ૧ ॥

વન મૃગ પિંજર સુવા જુરૂં ॥
મેંતા નયનસે નીર બહાયારે ॥ મેંતા ॥ ૨ ॥
પાવમે પિંજની ગલે બીચ માળા ॥
મેંતા સેહુલી કૌ સ્વાંગ બનાયા રે ॥ મેંતા ॥ ૩ ॥
જિનદાસ કહે ધન ધન રાજુલ ॥
મેંતા પ્રભુચરણા ચિત્ત લાયારે ॥ મેતા ॥ ૪ ॥

માંડ રાગની ગઝેલ.

રાજુલ રાનીરે થાને નેમજી મીલે ॥ ટેક ॥
શબ જાદવ મીલ બ્યાવન આએ ॥ પશુઅન સુની પોકાર ॥
તોરણુશે રથફેર ચલેહો ॥ ચલે ગઢ ગીરનાર ॥
રાજુલ ॥ ૧ ॥
સેશાવન જાય સંજમ લીનો ॥ પંચમહાવૃત ધાર ॥
દીક્ષા લેકે કર્મ ખપાયો ॥ દીજો દર્શ દયાળરે ॥
રાજુલ ॥ ૨ ॥
રાજુલ રાની અર્જ કરેછે ॥ સુનો નેમ સાજન ॥
છોટપણેમે સંજમ લીનો ॥ ધન તમ અવતારરે ॥
રાજુલ ॥ ૩ ॥
સેવક જિનજીશે અર્જ કરેછે; ચરન કમળ ચિત લાય ॥
મન સુધી સેવા કરે રે ॥તાધર લક્ષ સવાયરે ॥રા૦ ॥૪॥

દાદરો.

શ્રી જિનરાજ તેરો નામ જપું હરદમમેં ॥

અષ્ટ દ્રવ્ય લહી પુજા રચું હરદમમેં ॥ એ ટેક ॥
મરૂદેવીનંદ મુખ, દીશે જેશો શરદચંદ ॥
મુરતી દેખી તો, તવમનવસે હરદમમેં ॥ શ્રી ॥ ૧ ॥
ચંપા ચંબેલી ઓર મોગરો જાસુલ લેઈ ॥
કેતકી બોલ સુરી આંગી રચું હરદમમેં ॥શ્રી॥ ૨ ॥
દેવાંધી દેવ મોરી અરજ સુનો આદી જિન ॥
કેશવ ગુણ ગાવે ધ્યાન ધરો હરદમમેં ॥ શ્રી ॥ ૩ ॥

ગઝલ રાગ બેહાગ.

રાજુલ પોકારે નેમ પીયા એસી ક્યાકરી ॥
તુમ છોડ કયું ચલે ચુક હમસે કયા પડી ॥ટેક॥
હુઇ આશકી નીરાશ ઉદાશીન તા ઘડી ॥
પ્યારા બસ નહીં હમેરા પ્રીતમ પ્રીરમે પડી ॥રા૦ ॥૧॥
હમશે રહયો નજાય પ્રીતમ તુમબીના ઘડી ॥
સંગ લીજીએ દયાલ દયા ધર્મ આદરી ॥રાજુલ॥૨॥
નિશદિન તુમેરા નામ લેતે ગ્યાનકી ઝરી ॥
મુની ચંદ્ર વિજ્ય ચરણ કમળ ચીત્તમેં ધરી ॥રા૦॥૩॥

ગઝલ.

શ્રી શાંતી માહારાજ મુજ મેહર કરો આજ ॥
તુમેછો કરૂણા સાગર હું તુંમારો દાસ ॥
મેર કરી તારો પ્રભુ, ભવસાગરથી પાર ॥ શ્રી ॥ ૧ ॥
હું આવ્યો સરણ તુંમારે, તુંમેછો પ્રતીપાળ ॥
પારેવો ઉગાર્યો તીમ, કરો મુજસાય ॥ શ્રી ॥ ૨ ॥

ઓર દેવ અનેક સેવે, સર્યો નહીં મેરો કાજ ॥
હવે તુમ શરણે આવ્યો, રાખો મારી લાજ ॥શ્રી॥૩॥
જૈન મંગળ મંડલી કરેછે અરદાશ ॥
સંઘની આશ પુરો સ્વામી, ગુણ ગાવે ગોવીંદદાશ॥શ્રી॥૪॥

રાગ સોરઠ મલાર.

ચીહું અહોર બદરીઆ બરસે ॥
અબ ધરર ધરર ધન ગરજેરે ॥ ચીહું ॥ ટેક ॥
નેમ પ્રભુ ગીરનારે સીધાએ ॥
દેખનકો જીયા તરશેરે ॥ ચીહું ॥ ૧ ॥
દાદુર મોર શોર શુન શ્રવણે ॥
નયન ભય ગન જરશેરે ॥ ચીહું ॥ ૨ ॥
ધુંડત ધુંડત શકળ વન વનમે ॥
કબહું પીયા ના દરશેરે ॥ ચીહુ ॥ ૩ ॥
શોહી સફળ જાણેગે સજની ॥
દીવસ ઘરી જિન ફરશેરે ॥ ચીહું॥૪ ॥

—:o:✱:o:—

પ્યારસે બદલી નજર તોરી ॥ એ રાગ ॥
પારસનાથ આધાર મેરો પ્રભુ ॥ ટેક ॥
આ ભવ પર ભવ વંછીત પુરવે ॥
શિવ પદકો દાતાર ॥ મેરો પ્રભુ ॥ ૧ ॥
વામાજીકો નંદન નીરખ્યો ॥
તે પામ્યા ભવ પાર ॥ મેરો પ્રભુ ॥ ૨ ॥
કહત સામળ દેવ આશા પુરો મનતણી ॥
સેવકની કરો સાર ॥ મેરો પ્રભુ ॥ ૩ ॥

આશા પુરો આજ આજ આજ ॥ સુનો ॥ ૪ ॥ સેવક જનની પુરો તમે આશ ॥ ગોવિંદ તુમ ગુણ ગાય ગાય ગાય ॥ સુનો ॥ ૫ ॥

શેહેનશાહાહેજી આલમ બહાર એ રાગ ॥

પ્રભુજી તુંને હું કરૂં વિનતી ॥ કૃપા કરી અરજી સુણો દાશની ॥ એ ટેક ॥ હું સેવક છું પ્રભુ તારો માહારાજ ॥ સર્ણે આવ્યો રાખો હવે મારી લાજ ॥ પ્રભુ ॥ ૧ ॥ ચઊદસમાં જિન અનંત માહારાજ ॥ જિન દરશનસે સરે સહુ કાજ ॥ વલી અષ્ટ કર્મ દુરે સહુ જાય ॥ વલી સેવનાથી સુખી સહુ થાય ॥ પ્રભુજી ॥ ૨ અનંતા અનંત ભવો ભમીયો ॥ નહીં કયાંઇ મુજને તુંહી મલીયો ॥ પુરવ પુન્ય ઊદય જિનરાજ ॥ હવે મને મલીયો અનંત માહારાજ ॥ પ્રભુ ॥ ૩ ॥ માટે હવે ભવો ભવના દુઃખ કાપ ॥ તું સેવકને જાણી શીવ સુખ આપ ॥ ત્રણ ભુવનમાં તમો શિર તાજ ॥ મને રંક જાણી સારો મુજ કાજ ॥ પ્રભુ ॥ ૪ ॥ જૈન મંગળ મંડલી ગુણ ગાય ॥ અરજી કરે તુમને જિનરાજ ॥ સંધની આશા પુરો દીના નાથ ॥ કેશવ વિનતી કરે જોડી હાથ ॥ પ્રભુજી ॥ ૫ ॥

ઠુમરી.

રખે નાચતા પ્રભુજી આગળ લાજને આણે ॥ ટેક ॥ લાજે વિનશે કાજ કેઈના ॥ જીવ અનંત કાળ

અથડાણો ॥ રખે ॥ ૧ ॥ ઈંદ્રહી નાચે ચંદ્રહી નાચે ॥ નાચે વિધ્યાધર રાય રાણો ॥ રખે ॥ ૨ ॥ રૂપચંદ કહે નાથ નીરંજન ॥ સાચો સદા સુખ એ જાણો ॥રખે॥ ૩

ઠુમરી, રાગ ખંમાચ, તાલ પંજાબી ઠેકા ॥

પ્રભુજીકો સમરણ કરલે ॥ ઘડી ઘડી પલ પલ છીન છીન નીશદીન ॥ પ્રભુ ॥ ટેક ॥ પ્રભુ સમરણશે પાપ કટતહે ॥ અશુભ કરમ સબ હરલે ॥ મન બચ કાયા લગી ચરણનીત ॥ જ્ઞાન રૂદે બિચ ધરલે ॥ દોલત રામ પ્રભુ ગુણ ગાવે ॥ મનવંછીત ફળ વરલે ॥ ॥ પ્રભુ ॥

હરી શંયા છાંડના તુંમોરીરે નગરીયાં, એચાલ.

હાંરે હુંતો આદેસર વંદુ પ્રેમશું ॥ પ્રેમે કરી પૂજા કરૂં હરખે ॥ કેશર ફુલ ચડાવું, આંગી નીત નવા ॥ હાંરે આંગી નિત નવા રંગશું રચાવું ॥ હાંરે હુંતો ॥ ૧ ॥ જાત્રા કરી ઘણી ભાવના ભાવું ॥ મન વંછીત ફળ પાવું, તુમ દરિશન ॥ હાંરે તુમ દરિશન કરી મન રંગશું ॥ હાંરે હુંતો ॥ ૨ ॥ જૈન મંગળ મંડલી તુમ આગે॥ ગાયન ગીત કરે, નૃત વિધશું ॥ હાંરે નૃત વિધશુ, આદેશર વંદીયે પ્રેમશું ॥ હાંરે ॥ ૩ ॥

હજારે મેરે કાનકે મોતી એરાગ.

મેરા ગુના માફ કરો માહારાજ ॥ એ ટેક ॥ અનંતનાથ તુમે અનંત ગુણીછો ॥ કીપા કરો તુમે

આજ ॥ મે ॥ સેવક ઊપર દયા કરીને ॥ સારો સઘળા કાજ ॥ મેરા ॥ ૨ ॥ જૈન મંગળ મંડલી તુંમ આગે; માગે અવીચલ રાજ ॥ મેરા ॥ ૩ ॥ કરજોડી ગોવિંદ ગુન ગાવે; સંઘની રાખો લાજ ॥ મેરા ॥ ૪ ॥

રાગ ભેરવી.

કયા ભરોસા તનકા અવધુ ભિન્ન રૂપ છીન જિનકા ॥ ટેક ॥ છીનમે તાતા છીનમે સીરા; છીનમે ભુખા પ્યાસા ॥ છીનમે રંક રંક તે રાજા; છીનમે હર્ષ ઊદાસા ॥ અવધુ ॥ ૧ ॥ તીર્થંકર ચક્રી બલ દેવા; ઈંદ્ર ચંદ્ર ધરણેંદ્રા ॥ અસુર સુરવર સામાનીક નર; કયા રાણા રાજેંદ્રા ॥ અવધુ ॥ ૨ ॥ સંસારી જીવ પુદગળ રાતે; પુદગળ ધર્મ પ્રચારા ॥ યાસંગત તે જન્મ મરણ ગણ; જયૂં જળગીચ પતાસા ॥ અવ ॥ ભિન્ન ભાવ પુદગલ તે ભાવે; તું અનકળ અવીનાસા ॥ જ્ઞાન સાર જિન રૂપે નાંહી; જનમ મરણ ભવ પાસા ॥ અ ॥

રાગ દરબારી કાનડો.

દુનીયા મતલબકી ગરજી; અબ મોહે જાન પરી ॥ ટેક ॥ જબ લગ બેલ બહે દુનીયાંમેં; તબ લગ ચાહે ગરી ॥ થકયા બેલકી ખબર નપુછે; ફિરતા ગલી ગલી ॥ અબ ॥ ૧ ॥ હરા વૃક્ષ પંખીઆએ બેઠે; રટતા નામ હરી ॥ ખીર ગયા પત્ર ઊડ ગયા પંખી; એહી રીત દુનીયાંકી ॥ અ ॥ ૨ ॥ સત બાંધ સતી ઊઠ ચલી;

મોહકે ફંદ પરી ॥ દાનત કહે પ્રભુ શિવ સુખચાહે; તો સુરદાકે સંગજલી ॥ અ ॥ ૩ ॥

રાગ કલ્યાણ.

સોવે સોવે સારી રેન ગુમાઇ ॥ બ્હેરન નિંદ્રા તું કહાંસે આઇ ॥ એ ટેક ॥ નિંદ્રા કહે મેં બાળી ભોળી ॥ બડે બડે મુનીજનકું લાખું ઢાળી ॥ સોવે ॥૧॥ નિંદ્રા કહે મેં જમકીદાસી ॥ એક હાથમે મુક્તિ ઓર દુસરે હાથમે ફાંસી ॥ સોવે ॥ ૨ ॥ સમય સુંદર કહે સુનો ભાઇ બદનીઆ ॥ આપ મુવે સારી ડુબ ગઇ દુનિયા ॥ સોવે ॥ ૩ ॥

રાગ સોરઠ.

કમલાનો ફુલ પ્યારોરે ॥ પ્રભુ એસે ભગતકું તારોરે ॥ ટેક ॥ વાણી સુણીશ્રીનેમ જિનંદકી ॥ લાગો ખલક સબ પ્યારોરે ॥ કમ ॥ ગજશુ કુમાળ ઝાળ શીશ શયતો ॥ કીયો સર્વ નય ન્યારોરે ॥ કમ ॥ કહે જિનદાસ નમું એ મુનીસર ॥ ધન તેહનો અવતારોરે ॥ કમ ॥

રાગ સોરઠ.

હરિયાળો ડુંગર પ્યારોરે ॥ ટેક ॥ ધુંડત ધુંડત ગયે ગીરનારે ॥ મીલ ગયો નેમ પ્યારોરે ॥ હરી ॥ સેસા વનકી કુંજ ગલનમે ॥ લીધો છે સંજમ ભારોરે ॥ હરી ॥ ચંદ્ર કહે જેહે જિનવર ॥ આભવથી મુને તારો રે ॥ હરી ॥

એજ રાગ

પાનીમે મીન પ્યા શીરે, સુન સુન આવત હાસીરે ॥ ટેક ॥ સુખ સાગર સબી ઠોર ભયો હે ॥ તું કા ભયો હે ઉદાશીરે ॥ ૫ા ॥ આતમ જ્ઞાન બીન નર ભટકત હે ॥ કયા મથુરા ક્યા કાશીરે ॥ પા ॥ માન મુની કહે એ ગુરૂ સાચો ॥ સહેજ મીલે અવીનાસીરે ॥ પા ॥

રાગ કલ્યાણ

હારે એશ શેહેર બીચ કોન દીવાન હે ॥ ટેક ॥ પાનીકે કોટ પવનકે કુંગરે ॥ દશ દરવાજા મંડાનહે ॥ એશ ॥ પંચ ઇંદ્રિકે ત્રેવીસ તશકર ॥ નગર કુંકરત હેરાન હે ॥ એશ ॥ પરજા પોકાર સુની તબ જાગી ॥ ચેતન રાયકું જાણહે ॥ એશ ॥ જ્ઞાનકો બાન વચન રશ ભેદે ॥ હાથમે લાલ કમાન હે ॥ એશ ॥ રૂપચંદ કહે નાથ નીરંજન ॥ સમતા માન ગુમાન હે ॥ એશ ॥ ૫ ॥

રાગ ભેરવી.

રાત ગઈ અબ પ્રાત ભયો કયા સોવે જીયા જાગરે ॥ ટેક ॥ જિન વાણી ઉર વીચ ધારલે, ઓર ભરમ અબ ત્યાગરે ॥ રાત ॥ આણંદ સુગુરૂ વચન હીત માન; એ સુધો શિવ મારગરે ॥ રાત ॥

કેરબો.

ભલાજી મેરા નેમ ચલ્યો ગીરનાર; એકલીજાનશે ॥ ટેક ॥ રાજુલ ઉભી અર્જ કરેછે ॥ ભલાજી

મેરી અર્જ સુનો માહારાજ ॥ એકલી ॥ ૧ ॥ તોરણુ આએ ચલે રથફેરી ॥ ભલાજી વાંતો પશુવનકી સુની છે પોકાર ॥ એકલી ॥ ૨ ॥ શેશા વનકી કુંજ ગલન-મેં ભલાજી વાંતો પંચ મહાવૃત ધાર ॥ એકલી ॥ ૩॥ હરખચંદ પ્રભુ રાજુલ વીનવે ભલાજી મેરો હોજો મુક્તીમે વાસ ॥ એકલી ॥ ૪ ॥

કેરબો

હારે ચિત્તમે ધારો પ્યારે ચિત્તમે ધારો ॥ એતી સીખ હમારી પ્યારે ચિત્તમે ધારો ॥ એટેક ॥ થોડાસા જીવ-નકા કાજ અરે નર ॥ કાયકુ છલ પ્રપંચ કરો ॥ એતી ॥ ૧ ॥ હારે કુડ કપટ પરદ્રોહ કરો તુમ ॥ અરે નર ભવથી નદરો ॥ એતી ॥ ૨ ॥ ચિદાનંદ જો નહીં મા-નોતો ॥ જન્મ મરણુ દુઃખમે પરો ॥ એતી ॥ ૩ ॥

હુમરી;

હમસે છલ બલ કર સંચા સો તનધર ગયેગયેરે ॥ એરાગ ॥ સકળ કરમ દળ ક્ષય કરકે, મુગત પુર ગયે ગયેરે ॥ ટેક ॥ અવીનાસી અવિકારહે, પરમ ર-રસનું ધામરે ॥ સમાધાન સર્વાંગ સરૂપી, મેરે મન બસે બસેરે ॥ સકળ ॥ શિધ્ધ બુધ્ધ અવીરૂધ્ધહે, અ-નાદી અનંતરે ॥ વીર પ્રભુકે આગે ગૌતમ, અમૃત પદ લહે લહેરે ॥ સકળ ॥

રાગ આશાવરી;

કાયા ચલત પ્રાનશે રોઇ ॥ યામે પ્રભુ બીન અપણા ન કોઇ ॥ એટેક ॥ કાયા પુછત સુનો મેરે

ભાઇ; તેરી મેરી કયારે સગાઇ; ।। તેરારે મેરા જો સગપણ હોતા ।। તોજગમાં મરણા ન કોઈ ।। કા ।। ૧ ।। માયા બી દેખે બઈંઆં બી રોવે ।। બઇંઆં પકડ રોવે ભાઇ ।। છુટે કેશસે તુરીઆ બી રોવે ।। તો સંગ ન ચલણા કોઈ ।। કાયા ।। ૨ ।। સગાં કુટુંબ તાથે આન મીલાવે ।। ધુત ધુત ધન ખાઇ ।। અંત કાળકો કોઇ નહીં અપનો; કાલો કાલ કહે કોઇ ।। કાયા ।। ૩ ।। આનંદ ધન પ્રભુ તુમારે મીલનકી ।। જોતી સુ જોત મીલાઈ ।। પ્રભુ દરિશણકો હરખ ભયો જબ ।। જગમાં ગરવ ન કરણા કોઈ ।। કાયા ।। ૪ ।।

ઠુમરી રાગ ખંમાચ.

અમર વધુ ગુન ગાયો પાસ જિન ।। એટેક ।। મહીલ માંહી શિવ સુખ પુરવે; રૂદય કમળદીલ ધ્યાયો ।। પાસ ।। પાપ જુતીમર હરણ સુખ ઉદયો ।। ઇંદ્ર ઇંદ્રાણી બનાયો ।। પાસ ।। સુરચંદ પ્રભુ દો તુમ દર શન ।। નવનીધ રીદ્ધ શિદ્ધ પાયો ।। પાસ ।।

ઠુમરી; અનંત જીણંદ પચપરનનસે એરાગ.

અસુભ કરમ સબ દુર કરકે, સુમત ધર જારહેરે ।। ટેક।। સુમતા કહે સુન કુમત સાહેલી ।। તેરો નહીં અબ સંગરે ।। નરક નીગોદમે તુહીં પડે ।। ભમેરે કાળ અનંતરે ।। અ ।। ૧ ।। સુમતા સેં સુખ પાવે ચેતન ।।

કુમતા કુટિલ તા ભીજેરે ॥ જબ ચેતન સુમતા ઘેર આવે ॥ શીવ પુરજા રહેરે ॥ અ ॥ ૨ ॥

રાગ પીલુ ની ઠુમરીઓ.

ચેતન કાચીરે મીટીકા ડેરા ॥ ચેત૦ ॥ એ ટેક ॥ પડ ગયા બુંદ બિખર ગયા ડેરા ; લોક કહે ઘર મેરારે ॥ ચેતન ॥ ઉપર પટને ભુષણ સોવે; ભીતર બહોત અંધેરારે ॥ ચેતન ॥ જુઠા ઠાઠ ઠઠા દુનીયા મે; જુઠા તન ધન મોરારે ॥ ચેતન ॥ એહી અરજ તું કરલે ભાઇ; એહી જગ નહીંકો તેરારે ॥ ચેતન ॥ નવલ છીન છીન મત બિસરે; અપના કરલો સવેરારે ॥ ચેતન ॥

ઠુમરી.

એક ચતર નાર કરકર સીંગાર (એ રાગ)

જય જગત વંદ્ય જસ વદન કંદ ॥ જીત શત્રુ નંદ, પ્રભુ કુશળ કંદ ॥ દેખત આનંદ, જિનવર જય કારી ॥ જય૦ ॥ ૧ ॥ સિવ સુંદર નાર, તસ કંઠહાર ॥ આવ્યો યાચકદ્વાર, દીન દુરિત વાર ॥ ભવ સાગર તાર; વીભુ વિઘન વિદારી ॥ જય૦ ॥ ૨ ॥ રમો રમણ રંગ, શવિ રમણી સંગ ॥ આણી ઊમંગ, પામ્યો પ્રસંગ ॥ સુખ દેયો અભંગ, નમે સુરનર નારી ॥ જય૦ ॥ ૩ ॥ નમું અજિત આજ, સુર સિર તાજ ॥ છે સકળલાજ, કરો સેવક કાજ ॥ આપી અચળ રાજ, જગ સુજસ વધારી ॥ જય૦ ॥ ૪ ॥ અમે જન બાળ,